<u>પ્રેસ નોટ – તા.૧૨/૦૯/૨૦૨૨</u>

## <u>સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક ઇસમને લાયસન્સ વગરના દેશી બનાવટના તમંચા (અગ્નિશસ્ત્ર) તથા કાર્ટીસ સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી.</u>

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં આગામી સમયમાં વિધાનસભા સામાન્ય ચુંટણી યોજાનાર છે જે ચુંટણી મુકત અને ન્યાય રીતે તથા શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તે માટે કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે આગોતરા પગલા રૂપે પરવાના વગરના હથિયાર અને દારૂગાળો જપ્ત કરવા ખાસ ઝુંબેશ યોજવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** દ્વારા અમરેલી જિલ્લામાં પરવાના વગરના હથિયારો શોધી કાઢી, સંડોવાયેલ વ્યકિતઓની ધરપકડ કરવા સઘન કાર્યવાહી હાથ ધરવા અને પોલીસ પેટ્રોલીંગ સઘન બનાવવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપવામાં આવેલ.

**અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમ** ગઇ કાલ તા.૧૧/૦૯/૨૦૨૨ નાં સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ હોય, તે દરમિયાન સીમરણ ગામના પાટીયા પાસે એક ઇસમ ગેરકાયદેસર હથિયાર સાથે હોવાની બાતમી રાહે હકિકત મળેલ હોય, જે હકિકત આધારે પરપ્રાંતિય ઇસમને લાયસન્સ વગરના **પ્રાણઘાતક અગ્નિશસ્ત્ર તમંચા તથા કાર્ટીસ** સાથે પકડી પાડેલ છે. પકડાયેલ આરોપી વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી કરી, આરોપી તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા **સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન**માં સોંપી આપેલ છે.

➪ <u>પકડાયેલ આરોપીઃ-</u>

સરદાર ભુવાનસિંહ માવી, ઉ.વ.૨૮, રહે.કરજાળા, વાડી વિસ્તાર, તા.સાવરકુંડલા, જિ.અમરેલી, મુળ રહે.ઝીરન, તા.ભાવરા, જિ.અલીરાજપુર (મધ્યપ્રદેશ)

➪ <u>પકડાયેલ અગ્નિશસ્ત્રઃ-</u>

એક દેશી બનાવટનો તમંચો (અગ્નિશસ્ત્ર) કિં.રૂ.૩,૦૦૦/- તથા દેશી બનાવટના તમંચાના કાર્ટીસ નંગ – ૧ કિં.રૂ.૫૦/- મળી **કુલ કિં.રૂ.૩,૦૫૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.





<u>પ્રેસ નોટ – તા.૧૩/૦૯/૨૦૨૨</u>

<u>અમરેલી જિલ્લાનાં બગસરા પોલીસ સ્ટેશનનાં વિસ્તારમાંથી ગેરકાયદેસર કપાસનાં વાવેતર સાથે ગાંજાનાં છોડનું વાવેતર કરનાર આરોપીને લીલા ગાંજાનાં છોડ સાથે ઝડપી પાડતી અમરેલી</u>

ગુજરાત રાજ્યના પોલીસ મહાનિદેશકશ્રી સી.આઇ.ડી.ક્રાઇમ અને રેલ્વેઝ, ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા રાજ્યમાં ગેરકાયદેસર નાર્કોટીક્સના પદાર્થ, કેફી ઔષધો, મનઃપ્રભાવી દ્રવ્યોના ગેરકાયદેસર વેપાર, હેરા-ફેરી, વેચાણ અટકાવવા ખાસ સ્પેશ્યલ ડ્રાઈવ (ઝુંબેશ) તા.૦૧/૦૯/૨૦૨૨ થી તા.૩૦/૦૯/૨૦૨૨ સુધીનું આયોજન કરવામાં આવેલ હોય, જેના ભાગ રૂપે એ.ટી.એસ.ના માર્ગદર્શન હેઠળ માદક પદાર્થના ગેરકાયદેસર વેચાણ અને વહન અંગેના કેસો કરવા અને તેવા પદાર્થ શોધી તેનું ગેરકાયદેસર વેચાણ કરતા ઇસમોને ઝડપી પાડવા અને ગુજરાત રાજ્યને નશા મુક્ત કરવા અભિયાન હાથ ધરેલ છે.

જે અનુસંધાને શ્રી પોલીસ મહાનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ, ભાવનગરનાંઓની જરૂરી સુચનાં અને માર્ગદર્શન હેઠળ અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ નાઓએ એસ.ઓ.જી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી તથા એસ.ઓ.જી. ટીમને અમરેલી જીલ્લામાં કેફી પદાર્થોનું ગેરકાયદેસર રીતે વેંચાણ કરતા ઈસમોને ઝડપી પાડી યુવાધનને બરબાદીનાં રસ્તે જતા અટકાવવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય, એસ.ઓ.જી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી તથા એસ.ઓ.જી. ટીમ બગસરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એ.ટી.એસ. ચાર્ટર લગત પેટ્રોલીંગમાં હતા દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે, બગસરા ગામે માળ ગામની સીમ તરીકે ઓળખાતી સીમ વિસ્તારમાં ગોગનભાઇ રામજીભાઇ રહે.બગસરા, ગોકુલપરા, બાલમંદિર પાસે, તા.બગસરા, જિ.અમરેલીવાળા પોતાના કબ્જા ભોગવટાના વાડી/ખેતરમાં ગેરકાયદેસર માદક પદાર્થ કપાસની આડમાં ગાંજાનાં છોડનું વાવેતર કરેલ છે તેવી ચોક્કસ અને આધારભુત બાતમી હકિકત અન્વયે સદરહું જગ્યાએ રેઇડ કરતા એક ઈસમને ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

<u>પકડાયેલ આરોપી ઃ-</u>

ગોગનભાઇ રામભાઇ શેખ, ઉ.વ.૬૮ ધંધો.ખેતી રહેવાસી બગસરા, ગોકુલપરા, બાલમંદિર પાસે, તા.બગસરા, જિ.અમરેલી.

<u>કબ્જે કરેલ મુદ્દમાલ ઃ-</u>

વનસ્પિત જન્ય લીલા ગાંજાના છોડ નંગ-૬ વજન ૫ કિલો ૫૦.ગ્રામ કિ.રૂા.૨૫,૨૫૦/- તથા મોબાઇલ ફોન-૧, કિ.રૂા.૫૦૦/- મળી કુલ કિ.રૂા.૨૫,૭૫૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવેલ છે મજકુર ઈસમને વધુ તપાસ અર્થે બગસરા પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

આમ, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ.,શ્રી બગસરા પો.સ્ટે., તથા એસ.ઓ.જી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી તથા એસ.ઓ.જી.ટીમ દ્વારા એક ઈસમને કપાસની આડમાં ગાંજાનાં છોડનાં વાવેતર સાથે ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.



<u>પ્રેસનોટ – તા.૦૧/૦૭/૨૦૨૨</u>

<u>અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી દેશી બનાવટનો તમંચો (અગ્નિશસ્ત્ર હથિયાર ) સાથે આંતર રાજ્યનાં એક ઈસમને ઝડપી પાડતી અમરેલી એસ.ઓ.જી.ટીમ.</u>

શ્રી પોલીસ મહાનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ, ભાવનગરનાંઓ દ્વારા સમગ્ર રાજ્યમાં અષાઢી બીજનાં તહેવાર નિમીત્તે જગન્નાથજી રથયાત્રા / શોભાયાત્રાઓ નિકળનાર હોય, જેનાં ભાગરૂપે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાય રહે તે હેતુ થી ગેરકાયદેસર હથિયાર ધરાવતા ઇસમોને ત્તાત્કાલીક પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવા અંગે જરૂરી સુચના આપેલ હોય, જે અન્વયે અમરેલી

પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, નાંઓ દ્વારા ગંભીર પ્રકારનાં ગુન્હાઓ અટકાવવા તેમજ ગેરકાયદેસર હથિયાર ધરાવતા ઇસમો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે શ્રી પો.સબ ઈન્સપેક્ટર, ઈન્ચાર્જ એસ.ઓ.જી.અમરેલી તથા એસ.ઓ.જી.ટીમ દ્વારા અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે, મોટા આંકડીયા ગામના પાટીયા પાસે કુકાવાવ તરફ જવાના રોડ ઉપર એક ઇસમ પોતાની પાસે ગેરકાયદેસર (અગ્નિશસ્ત્ર હથિયાર) રાખી ઉભો છે. અને તે આજરોજ કોઇ ગુન્હો કરવાની પેરવીમાં હોય, જે અનુસંધાને બાતમીવાળી જગ્યાને કોર્ડન કરી રેઇડ કરતા દેશી બનાવટનો તમંચો (અગ્નિશસ્ત્ર હથિયાર) સાથે એક ઈસમને ઝડપી પાડેલ છે.

<u>☞ પકડાયેલ આરોપીઃ-</u>

ભવરસિંહ કેંદુભાઇ વાસ્કલા, ઉ.વ.૩૪, ધંધો.મજુરીકામ, રહે-ઇંડી ફળીયા, બડાગુડા, તા.જોબટ, જી.અલીરાજપુર, (મધ્યપ્રદેશ) હાલ રહે-વાછકપર રણજીતભાઇ ભીખાભા લુવણની વાડીએ તા.ટંકારા,જી.મોરબી.

મજકુર પકડાયેલ ઈસમનાં કબ્જામાંથી દેશી બનાવટનો તમંચો (અગ્નિશસ્ત્ર હથિયાર)નાં મુદ્દામાલ સાથે પકડી પાડેલ અને પકડાયેલ ઇસમ વિરૂધ્ધ આર્મ્સ એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી, ગુન્હો દાખલ કરાવી આરોપીને વધુ તપાસ અર્થે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

આમ, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, નાઓની સુચનાં અને માર્ગદર્શન હેઠળ શ્રી પો.સબ ઈન્સ., ઈન્ચાર્જ એસ.ઓ.જી.શાખા, તથા એસ.ઓ.જી.ટીમને દેશી બનાવટનો તમંચો (અગ્નિશસ્ત્ર હથિયાર) સાથે આંતર રાજ્યનાં એક ઈસમને ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.




<u>પ્રેસનોટ – તા.૦૪/૦૭/૨૦૨૨</u>

<u>લાઠી પો.સ્ટે.ના અપહરણના ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી.</u>

ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ નાઓએ રેન્જના જિલ્લાઓમાં ગુનાઓ કરી, નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, અને **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાં ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતાં આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ.

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમે** <u>લાઠી પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૩૪૨૨૦૧૧૦/૨૦૨૨, આઇ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬ તથા પોક્સો એક્ટ કલમ ૧૮</u> મુજબનો અપહરણના ગુનામાં મદદગારી કરી, નાસી જનાર આરોપીને આજરોજ તા.૦૪/૦૭/૨૦૨૨ ના રોજ ટોડા ગામના બસસ્ટેન્ડ પાસેથી પકડી પાડી, પકડાયેલ આરોપી સામે ધોરણસર કાર્યવાહી થવા સારૂ **લાઠી પોલીસ સ્ટેશન**માં સોંપી આપેલ છે.

➡ <u>પકડાયેલ આરોપીની વિગતઃ-</u>

ધનશ્યામ દડુભાઇ સોલંકી (ભાલીયા), ઉં.વ.૨૭, રહે.નવાગામ, તા.ગારીયાધાર, જિ.ભાવનગર

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.




<u>પ્રેસનોટ – તા.૦૫/૦૭/૨૦૨૨</u>

<u>રાજુલા તથા મરીન પીપાવાવ પો.સ્ટે. વિસ્તારમાં ટ્રકમાંથી બેટરીની ચોરી કરનાર ત્રણ ઇસમોને બેટરી નંગ-૯, કિં.રૂ.૩૮,૨૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી.</u>

⇨ <u>ગુનાઓની વિગતઃ-</u>

**(૧)** ગઇ તા.૧૫/૦૬/૨૦૨૨ ના કલાક ૧૪/૩૦ થી તા.૨૨/૦૬/૨૦૨૨ ના કલાક ૧૦/૦૦ દરમિયાન રાજુલા પો.સ્ટે.ના હીંડોરણા ચોકડીથી મહુવા રોડ પર આવેલ હીરામણી કોમ્પ્લેકસ પાસે આવેલ પાર્કિંગમાં રહેલ ટ્રક રજી.નંબર GJ-14-T-4695 માંથી કોઇ અજાણ્યા ચોર ઇસમોએ ૯૦ એમ્પિયરની બે બેટરી, કિં.રૂ.૧૨,૪૦૦/- ની કિંમતની ચોરી કરી લઇ ગયેલ હોય જે અંગે **રાજુલા પો.સ્ટે. એ-પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૫૦૨૨૦૫૪૧/૨૦૨૨, આઇ.પી.સી. કલમ ૩૭૯** મુજબનો ગુનો રજી. થયેલ.

**(૨)** ગઇ તા.૨૬/૦૬/૨૦૨૨ ના કલાક ૧૮/૦૦ થી તા.૦૨/૦૭/૨૦૨૨ ના કલાક ૧૦/૩૦ વાગ્યા દરમિયાન મરીન પીપાવાવ પો.સ્ટે.ના કોવાયા રોડ પાવર પ્લાન્ટ ગેઇટ બાજુમાં આવેલ વાડીની ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલ ટ્રેલર રજી નં. GJ-16-X-9541 તથા રજી નં. GJ-16-X-9543 માંથી કોઇ અજાણ્યા ચોર ઇસમોએ કુલ ૪ બેટરી, કિં.રૂ.૧૬,૦૦૦/- ની કિંમતની ચોરી કરી લઇ ગયેલ હોય, જે અંગે **મરીન પીપાવાવ પો.સ્ટે. એ-પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૪૫૨૨૦૨૮૨/૨૦૨૨, આઇ.પી.સી. કલમ ૩૭૯** મુજબનો ગુનો રજી. થયેલ.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા મિલકત સબંધી ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓએ અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુનાના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેક્ટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હતું.

**અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમે** ગઇ કાલ તા.૦૪/૦૭/૨૦૨૨ નાં રોજ મળેલ ચોક્કસ બાતમી આધારે રાજુલા, ચારનાળા ચોકડી પાસે રોડ ઉપરથી ત્રણ ઇસમોને ઉપરોક્ત બંને ચોરીમાં ગયેલ બેટરી નંગ-૨ સાથે પકડી પાડેલ અને તેઓની પુછપરછ દરમિયાન ચોરીનો વધુ મુદ્દામાલ તેઓએ સંતાડેલ હોવાની શંકા જતાં, ચોરીનો અન્ય મુદ્દામાલ પકડાયેલ ઇસમોના રહેણાંક મકાને હોવાની શંકા આધારે પકડાયેલ ઇસમોને સાથે રાખી, તેમના રહેણાંક મકાને તપાસ કરતાં ચોરીની અન્ય ૭ બેટરી મળી આવેલ હતી. પકડાયેલ ઇસમો અને ચોરીનો મુદ્દામાલ વધુ તપાસ થવા **રાજુલા પોલીસ સ્ટેશન**માં સોંપી આપેલ છે.

⇨ <u>પકડાયેલ આરોપીઓની વિગતઃ-</u>

(૧) મનુભાઇ નાથાભાઇ મકવાણા, ઉં.વ.૨૮, રહે.લોઠપુર, તા.જાફરાબાદ, જિ.અમરેલી.
(૨) મુકેશભાઇ ટપુભાઇ સોલંકી, ઉં.વ.૨૧, રહે.લોઠપુર, તા.જાફરાબાદ, જિ.અમરેલી.
(૩) લાલજીભાઇ ચોથાભાઇ સોલંકી, ઉં.વ.૩૧, રહે.લોઠપુર, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

⇨ <u>પકડાયેલ મુદ્દામાલઃ-</u>

વાહનોમાં ઉપયોગમાં લેવાતી અલગ અલગ કંપનીઓની બેટરી નંગ-૯, **કિં.રૂ.૩૮,૨૦૦/- નો મુદ્દામાલ.**

⇨ <u>પકડાયેલ આરોપીઓનો ગુનાહિત ઇતિહાસઃ-</u>

❖ <u>આરોપી નં. (૧) મનુભાઇ નાથાભાઇ મકવાણા વિરૂધ્ધ નીચે જણાવ્યા મુજબના ગુનાઓ નોંધાયેલ છે.</u>

(૧) જાફરાબાદ ટાઉન પો.સ્ટે. સે.ગુ.ર.નં. ૩૨/૨૦૧૪, જુગાર ધારા કલમ ૧૨

(૨) જાફરાબાદ ટાઉન પો.સ્ટે. સે.ગુ.ર.નં. ૦૬/૨૦૧૫, જુગાર ધારા કલમ ૧૨

(૩) નાગેશ્રી પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૭/૨૦૧૫, આઇ.પી.સી. કલમ ૩૬૫, ૩૯૪, ૧૧૪, જી.પી.એક્ટ કલમ ૧૩૫

(૪) જાફરાબાદ ટાઉન પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. ૧૧૧૯૩૦૨૪૨૨૦૩૧૪, પ્રોહી એક્ટ કલમ ૬૬(૧)બી.

❖ <u>આરોપી નં.(૩) લાલજીભાઇ ચોથાભાઇ સોલંકી વિરૂધ્ધ નીચે જણાવ્યા મુજબના ગુનાઓ નોંધાયેલ છે.</u>

(૧) જાફરાબાદ ટાઉન પો.સ્ટે. સે.ગુ.ર.નં. ૨૭/૨૦૧૭, જુગાર ધારા કલમ ૧૨

(૨) જાફરાબાદ ટાઉન પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૩૦૫૦૨૦૧૬૨૨, મોટર વ્હિકલ એક્ટ કલમ ૧૮૫

(૩) જાફરાબાદ ટાઉન પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં.૧૧૧૯૩૦૨૪૨૧૦૧૩૯, પ્રોહી એક્ટ કલમ ૬૬(૧)બી.

(૪) નાગેશ્રી પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૭/૨૦૧૫, આઇ.પી.સી. કલમ ૩૬૫, ૩૯૪, ૧૧૪, જી.પી.એક્ટ કલમ ૧૩૫

(૫) ગીર સોમનાથ કોડીનાર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૮૬૦૦૨૨૨૦૩૭૨/૨૦૨૦, મોટર વ્હિકલ એક્ટ કલમ ૧૮૫

(૬) સુરત શહેર ડુમ્મસ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૧૨૧૦૦૦૬૨૦૦૫૫/૨૦૨૧, આઇ.પી.સી. કલમ ૨૭૯, ૩૩૭ મોટર વ્હિકલ એક્ટ કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.



<u>પ્રેસનોટ – તા.૦૬/૦૭/૨૦૨૨</u>

## અમરેલી શહેરમાં માણેકપરા વિસ્તારમાંથી મોટર સાયકલની ચોરી કરનાર ઇસમને ચોરીના મોટર સાયકલ સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી.

➩ ગુનાની વિગતઃ-

ગઇ તા.૩૦/૦૬/૨૦૨૨ ના કલાક ૦૦/૦૦ થી તા.૦૧/૦૭/૨૦૨૨ ના કલાક ૮/૩૦ દરમિયાન અમરેલી માણેકપરા, શેરી નં.૦૯ માં રહેતાં ગિરીશભાઇ વિશ્વનાથભાઇ ભદ્દનાઓએ પોતાના ઘરની સામે શેરીમાં પાર્ક કરેલ હોય, તે મોટર સાયકલ કોઇ અજાણ્યો ચોર ઇસમ ચોરી કરી લઇ ગયેલ હોય, જે **અમરેલી સીટી પો.સ્ટે. એ-પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૦૩૨૨૦૬૫૦/૨૦૨૨, આઇ.પી.સી. કલમ ૩૭૯** મુજબનો ગુનો રજી. થયેલ.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા મિલકત સબંધી ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓએ અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુનાના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેક્ટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હતું.

**અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમ** ગઇ કાલ તા.૦૫/૦૭/૨૦૨૨ ના રાત્રિના નાઇટ પેટ્રોલીંગમાં હતાં અને અમરેલી લાઠી રોડ ઉપર આવેલ રેલવે ફાટક પાસે વાહન ચેકીંગ કરતાં હતાં તે દરમિયાન એક શંકાસ્પદ ઇસમને ઉપરોક્ત ચોરીના મોટર સાયકલ સાથે પકડી પાડી, તેના વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી થવા **અમરેલી સીટી પોલીસ સ્ટેશન**માં સોંપી આપેલ છે.

➩ પકડાયેલ આરોપીઓની વિગતઃ-

સલીમ ઉર્ફે સુલેમાન ઉર્ફે સુલ્તાન બહાદુરભાઇ જુણેજા)સંધી(, ઉં.વ.૨૫, ધંધો.મજુરી, રહેવાસી હાલ-આટકોટ, સિવિલ હોસ્પિટલ પાસે, તા.જસદણ, જિ.રાજકોટ, મુળ રહેવાસી -વેરાવળ, ભાલકા મંદિર પાસે, ભાલકા કોલોની.

➩ પકડાયેલ મુદ્દામાલઃ-

એક મોટર સાયકલ, કાળા કલરનું, સિલ્વર પટ્ટા વાળુ, હીરો સ્પ્લેન્ડર પ્લસ મોડેલનું, જેના રજી નંબર GJ-14-AD-5713, ચેસીસ નં-MBLHA10AMEHD31485 તથા એન્જીન નં-HA10EJEHD118851, **કિં.રૂ.૧૨,૦૦૦/- નો મુદ્દામાલ.**

➩ પકડાયેલ આરોપીનો ગુનાહિત ઇતિહાસઃ-

પકડાયેલ આરોપી વિરૂધ્ધ અમરેલી, ગીરસોમનાથ તથા જુનાગઢ જિલ્લાઓમાં નીચે જણાવ્યા મુજબના ગુનાઓ નોંધાયેલ છે.

(૧) ગીરસોમનાથ ઉના પો.સ્ટે). પ્રોહી ગુ.ર.નં. ૨૯૦/૨૦૧૫, પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮,૯૯

(૨) રાજકોટ શહેર ભક્તિનગર પો.સ્ટે). ફ.ગુ.ર.નં.૨/૨૦૧૯, ઈ.પી.કો. ૩૭૯

(૩) ધારી પો.સ્ટે). બી પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૧૮૨૦૦૧૩૯/૨૦૨૦, જી.પી.એક્ટ કલમ ૧૨૨(સી)

(૪) જુનાગઢ એ-ડિવિઝન પો.સ્ટે.. ગુ.ર.નં. ૧૧૨૦૩૦૨૩૨૧૦૯૦૭/૨૦૨૦, ઈ.પી.કો. ૨૨૪

(૫) જુનાગઢ એ-ડિવિઝન પો.સ્ટે.. ગુ.ર.નં. ૧૧૨૦૩૦૨૩૨૨૦૦૦૬/૨૦૨૨, ઈ.પી.કો.૧૮૮

(૬) જુનાગઢ તાલુકા પો.સ્ટે. ૧૧૨૦૩૦૨૫૨૦૦૪૦૪/૨૦૨૦, ઈ.પી.કો. ૫૧(બી), ૧૪૩, ૧૪૫, ૧૪૭, ૧૪૯, ૧૮૬, ૧૮૮, ૨૬૯, ૩૩૨, ૫૦૪, ૫૦૬(૨), જી.પી.એક્ટ. ૧૩૫, તથા એટ્રોસીટી એક્ટ ૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(વી)(એ)

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.



<u>પ્રેસનોટ – તા.૦૭/૦૭/૨૦૨૨</u>

<u>બગસરા પો.સ્ટે. વિસ્તારમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ (IMFL)ની બોટલો નંગ-૧૧૦, કિં.રૂ.૪૯,૯૫૦/- ના મુદ્દામાલ સાથે પ્રોહી બુટલેગરને પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ</u>

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જીલ્લામાથી દારૂની બદી દુર કરવા પ્રોહિબીશન લગત પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે **અમરેલી એલ.સી.બીના ઇન્ચાર્જ પો.ઇન્સ શ્રી.** નાઓની રાહબરી નીચે, અમરેલી એલ.સી.બી ટીમે બાતમી હકીકત આધારે આજ રોજ બગસરા પોલીસ સ્ટેશન વિસ્તારના કાગદડી ગામની સીમમાંથી અમરેલી જિલ્લાના લીસ્ટેડ પ્રોહી બુટલેગરને ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો સાથે પકડી પાડેલ છે.

➪ <u>પકડાયેલ આરોપીઃ-</u>

જોરૂ મેરામભાઇ ધાધલ, ઉ.વ.૨૮, રહે.કાગદડી, તા.બગસરા, જિ.અમરેલી.

➪ <u>પકડવાનો બાકી આરોપીઃ-</u>

પ્રતાપ દડુભાઇ ધાધલ, રહે.માણાવાવ, તા.ધારી, જિ.અમરેલી.

➪ <u>પકડાયેલ મુદ્દામાલઃ-</u>

ભારતીય બનાવટના વિદેશી દારૂ ( IMFL ) ની અલગ-અલગ બ્રાન્ડની, ૭૫૦ મીલીની બોટલ નંગ-૧૧૦, **કિં.રૂ.૪૯,૯૫૦/- નો મુદ્દામાલ.**

➪ <u>પકડાયેલ આરોપીનો ગુનાહિત ઇતિહાસઃ-</u>

પકડાયેલ આરોપી જોરૂ મેરામભાઇ ધાધલ અમરેલી જિલ્લાનો લીસ્ટેડ પ્રોહી બુટલેગર છે તેના વિરૂધ્ધમાં ખુન, પ્રોહિબીશન સહિતના નીચે જણાવ્યા મુજબના ગુન્હાઓ નોંધાયેલ છે.

(૧) અમરેલી રૂરલ પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૪૨૦૦૨૦૫/૨૦૨૦, પ્રોહી. કલમ ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧

(૨) ધારી પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. ૨૦/૨૦૨૦, પ્રોહી એક્ટ કલમ ૬૬(ઇ), ૬૬(બી)

(૩) ધારી પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. ૧૫૯/૨૦૨૦, પ્રોહી એક્ટ કલમ ૬૬(૧)(બી)

(૪) ધારી પો.સ્ટે. પ્રોહી. ગુ.ર.નં.૮૮૯/૨૦૨૦, પ્રોહી. એક્ટ કલમ ૬૫(એ)(એ), ૧૧૬બી.

(૫) ધારી પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. ૩૮૬/૨૦૧૯, પ્રોહી એક્ટ કલમ ૬૬(બી), ૬૫(ઇ), ૧૧૬(બી), ૮૧

(૬) બગસરા પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. ૩૧૦/૨૦૧૯, પ્રોહી એક્ટ કલમ ૬૬(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧

(૭) વિસાવદર પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં.૦૫/૨૦૧૯, પ્રોહી એક્ટ કલમ ૬૫(ઇ), ૯૮(૨), ૮૧

(૮) વડીયા પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. ૧૨૨/૨૦૧૮, પ્રોહી એક્ટ કલમ ૬૬(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧

(૯) જુનાગઢ રૂરલ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૧/૨૦૧૮, ઇ.પી.કો. કલમ ૩૦૨, ૩૨૩, ૫૦૪, ૧૧૪, જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબ.

ઉલ્લેખનીય છે કે, પકડાયેલ પ્રોહી બુટલેગર જોરૂ મેરામભાઇ ધાધલને તેની પ્રોહિબીશન પ્રવૃતિ બદલ સને ૨૦૨૦માં પાસા હેઠળ અટકાયત કરી, લાજપોર મધ્યસ્થ જેલ સુરત ખાતે મોકલી આપવામાં આવેલ હતો.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.



<u>પ્રેસનોટ – તા.૦૯/૦૭/૨૦૨૨</u>

<u>અમરેલી શહેર માંથી ૧ કિલો ૩૫૦ ગ્રામ ગાંજા સહિત કુલ કિ.રૂા.૨૭,૮૫૦/-ના અન્ય મુદ્દામાલ સાથે એક ઈસમને પકડી પાડતી અમરેલી એસ.ઓ.જી. ટીમ</u>

શ્રી પોલીસ મહાનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ, ભાવનગરનાંઓ દ્વારા ગેરકાયદેસર નાર્કોટીક્સના પદાર્થ, કેફી ઔષધો, મન:પ્રભાવી દ્રવ્યો તથા એન.ડી.પી.એસ. (ગાંજો, અફીણ, હેરોઇન, એમ.ડી.) વિગેરેના ગેરકાયદેસર વેપાર, હેરા-ફેરી, વેચાણ અટકાવવા સુચના આપવામાં આવેલ હોય, જે અન્વયે પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, અમરેલીનાઓનાં માર્ગદર્શન હેઠળ માદક પદાર્થના ગેરકાયદેસર વેચાણ અને વહન અંગેના કેસો કરવા અને આવા ગે.કા.વેચાણ કરતા ઇસમોને ઝડપી પાડવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપવામાં આવેલ.

જે અનુસંધાને શ્રી પોલીસ સબ ઈન્સપેક્ટ, ઈન્ચાર્જ એસ.ઓ.જી. તથા એસ.ઓ.જી. ટીમને અમરેલી જીલ્લામાં કેફી પદાર્થોનું ગેરકાયદેસર રીતે વેંચાણ કરતા ઈસમો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા સતત પ્રયત્નશીલ રહેલ હોય, અમરેલી શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે, અમરેલી શહેર વિસ્તારમાં રહેતો ઇરફાન ઉર્ફે જીગો અબુશા ઓઠા રહે.અમરેલી મોટા કસ્બાવાડ, તા.જી.અમરેલીવાળો પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાનમાં ગેરકાયદેસર ગાંજાનો જથ્થો રાખી વેચાણ કરે છે. જે અન્વયે સદરહું જગ્યાએ રેઇડ કરતા મજકુર ઈસમને ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

<u>પકડાયેલ આરોપી</u> ઃ-

(૧) ઇરફાન ઉર્ફે જીગો અબુશા ઇસ્માઇલભાઇ ઓઠા ઉવ.૩૨ ધંધો-ડ્રાઇવિંગ રહે.અમરેલી, જુમા મસ્જીદ, મોટા કસ્બાવાડ, ગુંદીયા ચોરા પાસે, તા.જિ.અમરેલી.

<u>કબ્જે કરેલ મુદ્દામાલ</u> ઃ-

મજકુર પકડાયેલ ઈસમ ગે.કા. રીતે પોતાનાં કબ્જા ભોગવટાનાં રહેણાંક મકાને (૧) ગાંજો ૧ કીલો ૨૩૫ ગ્રામ, કિ.રૂા.૧૨,૩૫૦/- તથા (૨) એક ઇલેકટ્રોનિક વજન કાંટો કિ.રૂા.૫૦૦/- તથા (૩) એક મોબાઇલ ફોન કિ.રૂા.૧૫,૦૦૦/- મળી કુલ કિ.રૂા.૨૭,૮૫૦/- ના મુદામાલ સાથે ઝડપી પાડવામાં આવેલ છે પકડાયેલ આરોપી વિરૂધ્ધ એન.ડી.પી.એસ.એક્ટ અન્વયે ગુનો રજીસ્ટર કરી આગળની ઘટીત કાર્યવાહી અર્થે અમરેલ સીટી પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

આમ, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, નાઓની સુચનાં તથા માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ.,શ્રી બગસરા પો.સ્ટે., તથા શ્રી પોલીસ સબ ઈન્સપેક્ટ, ઈન્ચાર્જ એસ.ઓ.જી. તથા એસ.ઓ.જી.ટીમ દ્વારા એક ઈસમને ગાંજાનાં જથ્થા સાથે ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

## <u>પ્રેસ નોટ – તા.૨૮/૦૯/૨૦૨૨</u>

## <u>અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ (IMFL)ની બોટલો, મોબાઇલ ફોન તથા ફોર વ્હીલ કાર સહિત કુલ કિં.રૂ.૩,૩૬,૩૬૮/- ના મુદ્દામાલ સાથે પ્રોહી. બુટલેગર ઇસમને પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ</u>

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા અંગે સ્પેશ્યલ ડ્રાઇવનું આયોજન કરેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ નાઓએ આ ડ્રાઇવ દરમ્યાન પ્રોહિબીશન તથા જુગારની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું.

આજરોજ તા.૨૮/૦૯/૨૦૨૨ ના શરૂ રાત્રિના અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કોમ્બિંગ નાઇટ પેટ્રોલીંગ દરમિયાન **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી.ટીમ** ને બાતમી રાહે હકીકત મળેલ કે, એક ગ્રે કલરની સ્વિફ્ટ ફોરવ્હિલ ગાડી ગેરકાયદેસર ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરી અમરેલી, પ્રતાપ પરા રોડ તરફથી ચીતલ ગામ તરફ જવાની છેઅને આ હકિકત વાળી ફોરવ્હિલ ગાડી રીકડીયા . ગામથી પસાર થવાની છે, તેવી ચોક્કસ બાતમી આધારે **એલ.સી.બી.ટીમે** હકિકત અન્વયે વોચમાં રહી પ્રોહી. બુટલેગર ઇસમને ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો, મોબાઇલ ફોન તથા ફોર વ્હીલ કાર સાથે ઝડપી લઇ, પકડાયેલ પ્રોહી. બુટલેગર ઇસમ તથા મુદ્દામાલ **અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન** માં સોંપી આપેલ છે.

⇨ <u>પકડાયેલ આરોપીઃ-</u>

જગુ વાલાભાઇ વાળા ઉ.વ.૩૯, રહે.લાલાવદર, તા.જિ.અમરેલી

⇨ <u>પકડવાનો બાકી આરોપીઃ-</u>

ગણેશ મારવાડી રહે.અમદાવાદ

⇨ <u>પકડાયેલ મુદ્દામાલઃ-</u>

ભારતીય બનાવટના વિદેશી દારૂ (IMFL) ની અલગ-અલગ બ્રાન્ડની, ૭૫૦ મીલીની બોટલ નંગ-૧૩૨, કિં.રૂ.૩૫,૮૬૮/- તથા મોબાઇલ ફોન નંગ -૧ કિં.રૂ.૫૦૦/- તથા સ્વિફ્ટ ફોરવ્હિલ રજી.નં-GJ-03-JR-0325 કિં.રૂ.૩,૦૦,૦૦૦/- મળી **કુલ કિં.રૂ.૩,૩૬,૩૬૮/- નો મુદ્દામાલ.**

⇨<u>પકડાયેલ આરોપીનો ગુનાહિત ઇતિહાસઃ-</u>

પ્રોહી બુટલેગર જગુ વાલાભાઇ વાળા વિરૂધ્ધમાં ખુન, મારામારી તથા ગુજરાત પ્રોહિબીશન અધિનિયમના ભંગ સહીત નીચે મુજબના ગુન્હાઓ રજી. થયેલ છે.

(૧) અમરેલી સીટી પો.સ્ટે. ફ. ગુ.ર.નં. ૨/૨૦૧૦ ઇ.પી.કો. કલમ ૩૦૨,૩૪ મુજબ.

(૨) અમરેલી સીટી પો.સ્ટે. પ્રોહી. ગુ.ર.નં. ૧૪૮/૧૫ પ્રોહિ.કલમ ૬૬બી, ૬૫એઇ, ૧૧૬બી, ૮૧ મુજબ.

(૩) અમરેલી સીટી પો.સ્ટે. પ્રોહી. ગુ.ર.નં. ૪૩૧/૨૦૧૬ પ્રોહી કલમ ૬૬બી, ૬૫એઇ, ૧૧૬બી, ૮૧ મુજબ.

(૪) અમરેલી તાલુકા ફ. ગુ.ર.નં. ૪૯/૧૫ ઇ.પી.કો. કલમ ૩૦૨, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦બી, ૩૪ મુજબ.

(૫) અમરેલી તાલુકા પો.સ્ટે. પ્રોહી. ગુ.ર.નં. ૧૭૯/૨૦૧૫, પ્રોહી. કલમ ૬૬બી, ૬૫એઇ, મુજબ.

(૬) ખાંભા પો.સ્ટે. પ્રોહી. ગુ.ર.નં. ૧૭૮/૨૦૧૫, પ્રોહી. કલમ ૬૬બી, ૬૫એઇ,૧૧૬બી, ૮૧, ૯૮, ૯૯ મુજબ.

(૭) લીલીયા પો.સ્ટે. પ્રોહી. ગુ.ર.નં.૭૬/૨૦૧૬, ૬૬બી, ૬૫એઇ, ૧૧૬બી, ૮૧ મુજબ.

(૮) ભેસાણ પો.સ્ટે. જિ. જુનાગઢ પ્રોહી. ગુ.ર.નં. ૩૭/૨૦૧૭, પ્રોહી. કલમ ૬૬બી, ૬૫ઇ, ૧૧૬બી મુજબ.

(૯) ખાંભા પો.સ્ટે. સેકન્ડ ગુ.ર.નં. ૪૭/૨૦૧૮, એમ.વી.એકટ કલમ ૧૮૫ મુજબ.

(૧૦) જાફરાબાદ મરીન પો.સ્ટે. પ્રોહી.ગુ.ર.નં.૪૯/૨૦૧૭, પ્રોહી. કલમ ૬૫એઇ, ૧૧૬બી,૮૧,૯૮,૯૯ મુજબ.

(૧૧) ખુંટવડા પો.સ્ટે. જિ.ભાવનગર પ્રોહી. ગુ.ર.નં. ૫૨/૨૦૧૮, પ્રોહી. કલમ ૬૬બી, ૬૫એઇ, ૧૧૬બી, ૮૧, ૯૮(૨) મુજબ.

(૧૨) અમરેલી તાલુકા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૪૦/૨૦૧૮,ઇ.પી.કો. કલમ ૩૨૩,૩૨૪,૩૯૪,૫૦૪,૧૧૪ વિ. મુજબ.

(૧૩) લાઠી પો.સ્ટે. ફ. ગુ.ર.નં. ૩૩/૨૦૧૯, ઇ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ.

(૧૪) અમરેલી તાલુકા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૩૩/૨૦૧૯, ઇ.પી.કો. કલમ ૩૮૪ મુજબ.

(૧૫) બાબરા પો.સ્ટે. પ્રોહી. ગુ.ર.નં. ૨૭૬/૨૦૧૯, પ્રોહી. કલમ ૬૫એઇ, ૧૧૬બી, ૮૧, ૯૮(૨) મુજબ.

(૧૬) અમરેલી તાલુકા પો.સ્ટે. પ્રોહી. ગુ.ર.નં. ૨૭૬/૨૦૧૯, પ્રોહી. કલમ ૬૫એઇ, ૧૧૬બી, ૮૧, ૯૮(૨) મુજબ.

(૧૭) અમરેલી તાલુકા પો.સ્ટે સી. પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૦૪૨૦૧૦૪૬/૨૦૨૦ પ્રોહી. કલમ ૬૫(એ)(ઇ), ૧૧૬બી, ૯૮(૨), ૮૧ મુજબ

(૧૮) લીલીયા પો.સ્ટે .સી પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૩૫૨૨૦૩૯૯/૨૦૨૨ પ્રોહી .કલમ ૬૫)એ)(ઇ(, ૮૧, ૧૧૬)બી(, ૯૮)૨ (મુજબ.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.

## <u>પ્રેસ નોટ – તા.૩૦/૦૯/૨૦૨૨</u>

## <u>સાવરકુંડલા રૂરલ તથા રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ચોરી કરનાર ઇસમને પકડી પાડી, ઘરફોડ ચોરી તથા વાહન ચોરીનો ગુનો ડીટેકટ કરતી અમરેલી એલ.સી.બી.</u>

➩ <u>ગુન્હાની વિગતઃ-</u>

(૧) ગઇ તા.૨૪/૦૮/૨૦૨૨ ના કલાક ૨૩/૩૦ થી તા.૨૫/૦૮/૨૦૨૨ ના કલાક ૦૨/૩૦ દરમ્યાન વિનોદભાઇ રસીકભાઇ વાઘમશી, ઉ.વ ૪૪, રહે.ચીખલી, પ્લોટ વિસ્તાર, તા.સાવરકુંડલા, જિ.અમરેલીવાળાના રહેણાક મકાનનાં કોઇ અજાણ્યા ચોર ઇસમે નળીયા ખસેડી ઘરમા પ્રવેશ કરી પટારાનુ તાળુ તોડી, તેમાથી એક સોનાનો ચેન કિ.રૂ.૩૦,૦૦૦ -/તથા ચાર નાની મોટી અલગ અલગ વીટીઓ કિ.રૂ.૨૦,૦૦૦ -/તેમજ એક જોડી ચાંદીની જાંજારી કિ.રૂ.૨,૦૦૦ -/તથા સોનાનુ એક માંદળીયુ કિ.રૂ.૨૦૦૦ -/તથા રોકડ રૂ.૬૨૦૦ -/તેમજ રસોડાનુ તાળુ તોડી ભારતગેસ ના બે બાટલા કિ.રૂ.૨૦૦૦/- તથા પિતળની થાળી નંગ-૧૫ કિ.રૂ.૩૦૦૦/ -મળી કુલ કિ.રૂ.૬૫,૨૦૦ -/ ના મુદામાલ ની ચોરી કરી લઇ જઇ ગુનો કરેલ હોય, જે અંગે વિનોદભાઇ રસીકભાઇ વાઘમશી ફરીયાદ આપતા **સારકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન એ-પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૫૩૨૨૦૫૧૮ ૨૦૨૨/IPC ક.૪૫૭, ૩૮૦ મુજબ**નો ગુનો અજાણ્યા ચોર ઇસમ વિરૂધ્ધ રજી. થયેલ.

(૨) ગઇ તા.૨૦/૦૮/૨૦૨૨ ના કલાક ૧૦/૩૦ થી કલાક ૧૧/૦૦ દરમ્યાન બાબુભાઇ દડુભાઇ ધાખડા, ઉ.વ.૫૨, રહે.વડલી તા.રાજુલા જિ.અમરેલી વાળાના હવાલાની મોટર સાયકલ રજીસ્ટર નં.GJ-14-AF-0842 કિ.રૂ.૧૫,૦૦૦-/ ની રાજુલા, વાવેરા રોડ ઉપર પાર્ક કરેલ હોય તે કોઇ અજાણ્યો ચોર ઇસમ ચોરી કરી લઇ જઇ ગુનો કરેલ હોય, જે અંગે બાબુભાઇ દડુભાઇ ધાખડા ફરીયાદ આપતા **રાજુલા પોલીસ સ્ટેશન એ-પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૫૦૨૨૦૮૬૧/૨૦૨૨ IPC ક.૩૭૯ મુજબ**નો ગુનો અજાણ્યા ચોર ઇસમ વિરૂધ્ધ રજી. થયેલ.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા મિલકત સબંધી ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓએ અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુનાના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેક્ટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હતું.

**અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમે** આજ રોજ તા.૩૦/૦૯/૨૦૨૨ નાં રોજ મળેલ બાતમી હકિકત આધારે સાવરકુંડલા તાલુકાના બગોયા ગામે રહેતા ઇસમને ઉપરોકત ચોરીઓમાં ગયેલ મોટર સાયકલ તથા ચોરીમાં ગયેલ ગેસના બાટલા તથા ગેરના ચુલા સાથે પકડી પાડવામાં સફળતા મળેલ છે. પકડાયેલ આરોપી તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા સારૂ **સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન**માં સોંપી આપેલ છે.

➩ <u>પકડાયેલ આરોપીઃ-</u>

હારૂનશા જમાલશા કનોજીયા, ઉ.વ.૨૭, રહે. મુળ વિજપડી, ધાર પાછળ તા.સાવરકુંડલા જિ.અમરેલી, હાલ રહે. બગોયા, આંબરડી રોડ, પ્રાથમિક શાળાની સામે, તા.સાવરકુંડલા જિ.અમરેલી.

➩ <u>પકડાયેલ મુદ્દામાલઃ-</u>

એક હીરો હોન્ડા સ્પેન્ડર પ્લસ મોટર સાયકલ GJ-14-AF-0842 કિં.રૂ.૧૫,૦૦૦/- તથા એક રાધણગેસનો બાટલો કિ.રૂ.૧૦૦૦/- તથા એક રાધણગેસનો ચુલો કિ.રૂ.૫૦૦/- મળી **કુલ કિં.રૂ.૧૬,૫૦૦/- નો મુદ્દામાલ.**

➩ <u>પકડાયેલ આરોપીનો ગુનાહિત ઇતિહાસઃ-</u>

પકડાયેલ આરોપી હારૂનશા જમાલશા કનોજીયા રહે.વિજપડી, તા.સાવરકુંડલા વાળો અમરેલી જિલ્લાનો લીસ્ટેડ હિસ્ટ્રીશીટર છે. તેના વિરૂધ્ધ ચોરીઓના નીચે મુજબના ગુનાઓ નોંધાયેલ છે.

(૧) સાવરકુંડલા રૂરલ પો.સ્ટે. ફ. ગુ.ર.નં.૩૭/૨૦૧૪, ઇ.પી.કો. કલમ ૪૫૭, ૩૮૦ મુજબ.

(૨) સાવરકુંડલા રૂરલ પો.સ્ટે. ફ. ગુ.ર.નં.૪૧/૨૦૧૪, ઇ.પી.કો. કલમ ૩૭૯, ૪૪૭ મુજબ.

(૩) સાવરકુંડલા રૂરલ પો.સ્ટે. ફ. ગુ.ર.નં.૦૬/૨૦૧૫, ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ.

(૪) સાવરકુંડલા રૂરલ પો.સ્ટે. ફ. ગુ.ર.નં.૧૨/૨૦૧૫, ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ.

(૫) સાવરકુંડલા રૂરલ પો.સ્ટે. ફ. ગુ.ર.નં.૨૭/૨૦૧૫, ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબ.

(૬) સાવરકુંડલા રૂરલ પો.સ્ટે. ફ. ગુ.ર.નં.૨૯/૨૦૧૫, ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ.

(૭) રાજુલા પો.સ્ટે. એ. પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૫૦૨૧૦૯૪૬/૨૦૨૧, ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.